**ફોજદારી કેસ નંબર ૧૮૬૯/૨૦૧૬**
**આંક–૧ હેઠળ હુકમ**

---

**ફરિયાદી ની ફરિયાદ વંચાણે લીધી. હાલની ફરિયાદ ..૨૦૧૬.. ના વર્ષમાં દાખલ કરેલ છે. ત્યારબાદ ફરીયાદીએ હાલની ફરિયાદ ની કાર્યવાહી આગળ ચલાવવા ફરિયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરિયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ અન એટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.**

**આજ રોજ પણ ફરીયાદી હાજર નથી તેમના વકીલ શ્રી હાજર નથી, કોઈ મુદત અરજી આપવામાં આવી નથી કે પ્રોસેસ ફી પણ ભરેલી નથી. આમ ફરીયાદીને આ કામ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવુ માલુમ પડતુ નથી. આરોપીને સમન્સ વોરંટની બજવણી માટે ફરીયાદી તરફથી કોઈ પ્રયત્ન કરવામાં આવતો નથી.**

**એસ.રામાક્રીશ્ના વિરૂધ્ધ એમ. રામી શેટી, ૨૦૦૮(૨) જી.એલ.એચ. પાન નં. ૪૩૪ ઉપરની નામદાર સુપ્રિમ કોટની ઓથોરીટી ધ્યાનમાં લેતાં જો ફરીયાદીનું આ પ્રમાણે વર્ત**ન હોય અને લાંબો સમય સુધી કોઈ કાર્યવાહી ન કરે તો તે ફરીયાદ લાંબો સમય સુધી રાખી શકાય નહી.

આ ઉપરાંત શાલીમાર પેઈન્ટર વિરૂધ્ધ મુરલીધર હાર્ડવેર, ૨૦૦૮(૧), ડી.સી.આર. પાન નં. ૪૬ ઉપરની નામદાર મદ્રાસ હાઈકોર્ટની ઓથોરીટી ધ્યાનમાં લેતાં ફરીયાદ ડીસમીસ કરતાં અગાઉ ફરીયાદીને નોટીસ કાઢવી જોઈએ આ કેસમાં ફરીયાદીને નોટીસ કાઢવામાં આવેલી છે અને ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ સરનામે તેઓ રહેતા નથી તેવો શેરો લખાઈ આવેલો છે. અને બીજુ કોઈ સરનામું રેકર્ડમાં નથી.

આ ઉપરાંત વિજયકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી., ૨૦૦૮(૧), ડી.સી.આર. પાન નં. ૧૯ ઉપરની નામદાર અલ્લાહાબાદ હાઈકોર્ટની ઓથોરીટી પેરા – ૧૨ મુજબ જો ફરીયાદી મુકત તારીખે હાજર ના રહે તો, ફરીયાદ ડીસમીસ કરવા સિવાય મેજીસ્ટ્રેટ પાસે બીજો વિકલ્પ નથી. આ કેસમાં ફરીયાદી હાજર થયા નથી.

આ ઉપરાંત આર. મુરલી વિરૂધ્ધ ડી. ઉદયકુમાર, ૨૦૦૮(૧), ડી.સી.આર. પાન નં. ૧૧૮ ઉપરની નામદાર મદ્રાસ હાઈકોર્ટની ઓથોરીટી પેરા – ૪ ધ્યાનમાં લેતા જયારે ફરીયાદીની જરૂર ન હોય તેવા સમયે ફરીયાદીની ગેર હાજરીના કારણે ફરીયાદ કાઢી નખાય નહી પરંતુ જરૂર હોય ત્યારે ફરીયાદીએ હાજર રહેવું જ પડે. આ કેસમાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી ઘણા સમયથી હાજર રહેતા નથી.

આ ઉપરાંત <u>ભવાની ટેક્ષટાઈલ્સ મિલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રી. અપીલ નં. ૨૪૦૪/૦૯, તા.૧૮–૧–૨૦૧૦</u> ઉપરની નામદાર ગુજરાત હાઈકોર્ટની ઓથોરીટી ધ્યાનમાં લેતાં ફરીયાદીને નોટીસ બજવા છતાં ફરીયાદી હાજર ન રહે, પ્રોસેસ ફી ન ભરે અને ફરીયાદના કામે કોઈ આગળ કાર્યવાહી ના કરે તો ફરીયાદ કાઢી નાખવી તે વ્યાજબી છે.

ઉપર મુજબની તમામ હકીકત અને ઓથોરીટીઓ ધ્યાનમાં લેતાં હાલની હરીયાદ કાઢી નાખી ફાઈલે કરવી યોગ્ય જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરુ છુ.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

**ફરિયાદીની ફરિયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજરોજ તા.૧૦/૦૨/૨૦૧૮ ના રોજના ડિસ્ટ્રીકટ લીગલ સર્વીસ ઓથોરીટી રાજકોટ ના નોટીફીકેશન નં.૧૦/૨૦૧૮, તા.૦૭/૦૨/૨૦૧૮ મુજબના સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.**

**રાજકોટ**

**(વી.એસ. ગઢવી)**
**૧૩માં એડી.ચીફ જયુડી મેજી.રાજકોટ**
(GJ-01013)

**તા.૧૦/૦૨/૨૦૧૮**